ગરીબના છોકરાઓને જીંદગી સુધી
કુંવારા રાખવાનો, ગરીબનો
નિર્વંશ કાઢવાનો

અને

ટેલીયા અને પૈસાદારના છોકરાઓને
ઘણી સ્ત્રીઓ મેળવવાનો

દુષ્ટ ચાલ.

(૦)

પ્રગટકર્તા.

પાલ ગામના રહેનાર

પુરૂષોત્તમભાઇ ભીખાભાઇ પટેલ

ઓ. સેક્રેટરી પાલ લાયબ્રેરી.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું. ખડકી મોહોલ્લો પાલ

(જીલ્લે-સુરત.)

સુરત, ખપાટીઆ ચકલાપર આવેલા ખુ. અ. ના ધા સુ:ત

જૈન પ્રીન્ટીંગ પ્રેસમાં મઠુભાઇ ભાઇદાસે છાપ્યું.

ગરીબના છોકરાઓને જીંદગી સુધી કુંવારા રાખવાનો, ગરીબનો નિર્વંશ કાઢવાનો

અને

પટેલીયા અને પૈસાદારના છોકરાઓને ઘણી સ્ત્રીઓ મેળવવાનો દુષ્ટ ચાલ.

ભાઈઓ ધ્યાન દઈ વાંચો. પછી વિચાર કરો અને પટેલીયાઓની પ્રપંચ જાળમાંથી બચો.

આપણા પટેલો, કુળવાનો અને પૈસાદારો જ્ઞાતિ ઉપર પોતાની સતા ચલાવી ગરીબોને દબાવી પોતાનો લાભ સાચવે છે અને ગરીબોને પાયમાલ કરી મુકે છે,

એક તીથીના લગ્ન સાથે કુલનો દંડો અને બાંધાઅર કરવાનો રીવાજ ચાલુ રાખવાનો હેતુ માત્ર ગરીબના છોકરાંઓને વાંઢા રાખવાનો અને આગેવાનોના છોકરાઓને ઘણી સ્ત્રીઓ મેળવવાનો મહાન પ્રપંચ છે,

દુનિયાની દરેક પ્રજા અને તેમાં પણ આપણાથી ઉતરતી કોમ જે આપણાં કરતાં ઘણોજ ગરીબ છે તેઓ
૧ છુટા લગ્ન કરે છે છુટા લગ્ન હોવાથી ગમે તેવા ગરીબનો દીકરો પણ મોટી ઉમરનો થતાં પાંચ પૈસા મેળવી

પરણી શકે છે. છુટા લગ્ન હોવાથી તેઓને મોટી ઉમરે મોટી વયની કન્યાઓ પણ મળી શકે છે. જેથી કજોડા પણ થતાં નથી ગમે તેવો ગરીબ માણસ પણ જ્યારે પોતાની સાથે દીકરો મોટી ઉમરનો થઇ રળવા લાગે ત્યારે પાંચ પૈસા બચાવી શકે છે. અને ઇશ્વરકૃપાથી ગરીબ પણ પૈસાદાર થઇ પૈસા ખરચીને પણ બી મેળવી શકે છે.

એક તીથીના લગ્નથી ગરીબનાં છોકરાં કુંવારા રહે છે તે બીચારા મોટી ઉમરે એટલે બીજે લગ્ને પરણવાને શક્તીવાન થાય છે પણ તે વખતે તેને મોટી ઉમરની કન્યા મળતી નથી કારણ કે આગલા લગ્નમાં બધી કન્યાઓ પરણેલી હોય છે કદાચ કોઇ કન્યાના બાપને સારૂ ઘર અથવા મોઢે માંગ્યા રૂપીઆ ન મળે તો તે પોતાની કન્યાને ફુલનો દડો કે બાંહ્યવર સાથે પરણાવી દેય છે જેથી બીજા લગ્ન વખતે તો ગરીબનાં છોકરાને મળવી મુશ્કેલ થઇ પડે છે.

પેહેલાના લગ્નમાં કુંવારો રહેનાર છોકરો બીજા લગ્ન વખતે ગમે તેટલો સુખી અને પૈસાદાર હોય તથા ભણેલો ગણેલો અને સારો કમાઉ હોય તો પણ પેહેલી વખતના લગનમાં પરણેલો નહી હોવાથી તેની આબરૂને ધક્કો પહોંચે છે અને તેને કોઇ કન્યા આપતુ નથી છતાં કોઇ આપે તો તે પુરા પૈસા લઇનેજ આપે પુરા પૈસા આપતાં પણ, પહેલાં લગ્ન પછી જન્મેલી કન્યા હોય તેજ તેને મળે એટલે છોકરાની ઉમર કરતાં ઘણીજ નહાની કન્યા મળે. જેથી " બી બી થાય વર જોગ ત્યારે મીયાં થાય ઘોર જોગ " આ દશા તેની થાય છે.

જો છુટા લગ્ન હોય અથવા પાંચ વરસની મુદતનાં લગ્ન હોય તો અને ફુલનો દડો તથા બાંધવર કરવાનો રીવાજ ન હોયતો ગરીબના છોકરાંને મોટી ઉમરે મોટી કન્યા મળી શકે

ફુલનો દડો અને બાંધવર કરાવવામાં પટેલીયાનો પ્રપંચ છે, કુલવાનોની કુટીલતા છે, પૈસાદારની પાપ બુદ્ધિ છે તથા આગેવાનોની અધમતા છે પટેલીયા, કુલવાનો પૈસાદાર અને આગેવાનો ન્યાતના ધણી, રાજા તરીકે હોય છે અને તેઓ પોતાનો સ્વાર્થ સાધવા માટેજ ગરીબોને દબાવી દુઃખી કરે છે.

આગેવાનો સમજે છે—સારી રીતે માને છે કે બાલ લગ્નથી કજોડા થાય છે, છતાં તેમાં તેઓને તો લાભજ હોય છે.

વીશ કે ત્રીશ દિવસની કન્યા થાય કે તુરત વેવીશાળ કરાવી નાંખવા અને લગ્ન વખતે કુંવારી કન્યા રાખવી નહી પણ ફુલના દડા સાથે અથવા બાંધવર સાથે પરણાવી દેવી. આ ઠરાવ કરવામાંજ તેઓને લાભ છે.

આગેવાનનો છોકરો, લુલો, પાંગળો, મુંગો બેરો થયો હોય અથવા મોટી ઉંમરનો થતા કોઇ જાતના વ્યસનવાળો, ચોર, જુગારી, વ્યભીચારી, ઢીલુ કમાઉ થાય તો પણ નહાની વયમાં લગ્ન કરી નાંખવાથી ભય રહે નહીં. નાની ઉમરમાં લગ્ન કરવાથી ભવિષ્યમાં આગેવાનનો છોકરો ગમે તેવો નબળો હોય તો પણ ફીકર રહે નહીં. મોટી ઉંમરનો થતાં જો કાંઇ દુર્ગુણ જણાય તો કોઇ કન્યા આપે નહી જેથી પોતાની આબરૂને ધક્કો લાગે. આટલા માટેજ આગેવાનો બાળલગ્નને વળગી રહ્યા છે.

ગમે તેવો નબળો છોકરો હોય તો પણ તેની સ્ત્રીએ તો તેનું ઘર ચલાવવુંજ જોઇએ સ્ત્રીઓને તો છુટા છેડા મેળવવાનો હક્કજ નથી જેથીજ પટેલીઆઓ પોતાના છોકરાઓને જલદી પરણાવી દેવા માંગે છે.

પટેલીઆઓ એમ પણ સમજે છે કે જો કદાચ કન્યામાં કોઇ જાતનો દોષ આવે, લુલી, પાંગળી, આંધળી, બેરી, મુંગી, થાય તો તેવી કન્યા આપણા આગેવાનોના છોકરાઓને ગમવાની નથી. તે વખતે બીજી કન્યા લાવવી જોઇશેજ એક તીથીના લગ્ન હોવાથી મોટી ઉંમરે આપણા છોકરાઓને પણ બીજા લગ્ન આવતાં સુધી આંગલી જુની બરી ગમે તેવી હોય તો પણ રાખવીજ પડશે અને બીજા લગ્ન વખતે આપણા છોકરાઓને પણ નહાની ઉમરનીજ કન્યા મળશે. અથવા જો કદાચ વચમાં બીજી નાતરાની લાવવા વીચારીએ તો પેહેલા લગ્નમાં બધી કન્યાના લગ્ન થઈ ગયા હોય તો પછી નાતરાની કન્યા પણ મળે કયાંથી ?

કોઇની રાંડે ત્યારેજ મળે અને તેટલો વખત રાહ જોઇ બેસી રહેવું પડે, માટેજ તેઓએ વિચાર કરી ફુલનો દડો અને બાંહ્ય વરનો રીવાજ દાખલ કરેલો છે એટલે આગેવાનોના છોકરાઓને બીજી સ્ત્રી કરવી પડે તે વખતે રાંડલી તૈયાર રખાવી મુકવા માટેજ ફુલના દડા સાથે પરણાવી તુર્તજ ચુડલો ભંગાવી રંડાવી તૈયાર રાખે છે. એટલે છોકરો મોટો થાય અને પરણેલી સ્ત્રીનું આંણુ વળાવી ઘેર લાવે તે વખતે કન્યાને છોકરો જુવે અને જો છોકરાને ન ગમે ... છોકરો કહે કે બાપા મારી વહુ તો કાળી છે, કુબડી છે મને ગમતી નથી તો તેજ વખતે આગેવાન ખાનદાન, કુલવાન અને

પૈસાદાર પોતાના છોકરાને જવાબ આપે છે કે કાંઇ ફીકર નહીં ! વહુ આણું વાળી પીયર જશે પછી તેને તેડીશું નહી ! અને તારે માટે ખોટો ઢોંગ કરી કુળના દડા સાથે પરણાવા રંડાવી ને પણ ખરી રીતે તો કુંવારી કન્યાઓ તૈયાર રાખેલી છે. ગરીબના છોકરાઓની પેઠે તારે પારકી રંડેલી કે છાડેલી લાવવાની નથી. પણ તારા માટે તો અમો બધા આગેવાનોએ પેહેલેથીજ વિચાર કરી ખોટા ઢોંગથી પરણાવી કુવારી કન્યાઓ તૈયારજ રાખી છે તેમાંથી તને ગમે તેવી પસંદ કરી પકડી લાવ પછી તારી પરણેલાને છુટા છેડા આપીશું છુટા છેડા આપતી વખતે પુરા પૈસા લઇશું એટલે તારી સ્ત્રીનો બાપ પણ કોઇ ગરીબના છોકરા પાસેથી પુરા પેસા લઇ નાતરે આપશે.

ગરીબના છોકરાઓના ભાગ્યમાં પરણવાનું છેજ નહીં. એક તીર્થાના લગ્ન, કુળનો દડો અને અને બાહારવટ ગરીબના છોકરાઓને કુવારા રાખવા અને રઝળાવી મારવા માટેજ ચાલુ કીધા છે છતાં પણ ગરાબના છોકરાઓને સ્ત્રીની જરૂર હોય તો તેણે આગેવાનોની છાંડેલી લાવી ઘર માંડવું અને રાજી થવું.

શું આપણા આગેવાનોનો આ મહાન પ્રપંચ નથી. ? આગેવાનોનું પુછડું પકડી તેના પાછલા પગની લાતો ખાનારા અને પટેલીઆઓના પગની નીચે કચરાઇ મરનારા મુર્ખાઓ વિચાર કરશે ? રાકે ?

ગરીબ બંધુઓની દયા ખાનારા પ્રપંચી પટેલીયાઓ કહે છે કે છુટા લગ્ન થવાથી ગરીબમાં કુંવારાની રહી જાય અને લગ્નનો ખરચ વધી જાય આ બધો તેઓનો પ્રપંચ છે. છુટા લગ્નથી તો

ગમે તેવો ગરીબ હશે તેનો દીકરો મોટી ઉમરે પૈસા મેળવી મોટી કન્યા સાથે પરણી શકશે વાણીયા બ્રાહ્મણ વીગેરે કોમના ઘણાં ગરીબના છોકરાઓ ૨૫—૩૦ વર્ષની ઉમરે પરણ્યાના હજારો દાખલા મળી આવે છે. તે વખતે તેને ૧૮-૨૦ વર્ષની કન્યા પણ મળે છે. છુટા લગ્ન થવાથી પૈસાનો લાલચુ પીતા પોતાની કન્યાને મોટી ઉમર સુધી પરણાવતો નથી અને સારા પૈસા લઇ મોટી ઉમરે પરણાવે છે તેથીજ ગરીબમાં ગરીબના છોકરાં પણ મોટી ઉમરે કમાઇ પરણે છે.

આપણા આગેવાનોએ તો એક તાથીના લગ્ન ફુલનો દડો અને બાંઘવરનો રીવાજ રાખી ગરીબ માટે પરણવાના દરવાજા બંધ કરી દીધા છે. અને પોતાનાજ લાડકવાયા છોકરાઓ માટે એક ન ગમે તો બીજી લાવવા માટે ફુલના દડા સાથે પરણાવવાનો ઢોંગ કરી કન્યા કુંવારી રખાવી મુકે છે.

તિવરા કરાવી ગરીબોના ઘર જમીન વેચાવી વધારે ગરીબ બનાવે છે જેથી ભવિષ્યમાં પણ કોઇ પૈસાદાર થઇ ફુલના દડા સાથે પરણાવેલા કન્યાને પણ લાવવા શકતીવાન રહે નહી.

આપણાથી ઉતરતી વર્ણના દુબળા કોળી વીગેરે આપણા કરતાં ઘણાં ગરીબ છે. તેના છોકરાં પણ છુટા લગ્ન હોવાથી મોટી ઉમરે પરણી શકે છે. ગરીબ પોતાની ગરીબાઇના પ્રમાણમાં લગ્ન વખતે ખરચ કરે છે ત્યારે શું આપણે તેનાં કરતાં પણ ગરીબ છીએ ? આપણા આગેવાનો કહે છે કે છુટા લગ્નથી ખરચ વધે જાય તો સવાલ એજ છે કે દુનીયાની દરેક પ્રજા છુટા લગ્ન કર-

-નારી છે તેમાં આપણા કરતાં દુબળા વીગેરે કોમ ઘણીજ ગરીબ છે તો શું ખરચ વધવાના ભયથી પરણતાજ નથી ?

આપણા ગરીબ અને મુર્ખાઓને આગેવાનો કેવળ ઠગવા અને પોતાના નવરંગા પુત્રોને અનેક સ્ત્રીઓ કરાવી ગરીબોને વાંઢા રાખવા અને ગરીબોના નિર્વંશ કાઢવા માટેજ આ બધા પ્રપંચ કરે છે.

એક નિથીના લગનને બદલે પાંચ વર્ષની મુદતનાં લગ્ન થાય તો આખી ન્યાતને લાભ છે પણ તેમ કરવામાં આગેવાનોના સ્વચ્છંદી છોકરાઓને બેચાર સ્ત્રી કરવાનો લાભ મળતો નથી તેથીજ આગેવાનો એક નિથીના લગ્નને છોડવા ઇચ્છતા નથી.

કારણ કે પાચ વર્ષની મુદતનાં લગન થાય તો ફુલનો દડો અને બાંધવર ઉડી જાય જેથી પટેલના છોકરાઓને બીજી વખતની સ્ત્રી કરવી હોય તો ફૂલનાં દડાના ઢોંગથી રાખેલા કુંવારી કન્યા મેળવવાનો લાભ જતો રહે અને ફરી લગ્ન કરવાનો ખર્ચ થાય. પટેલના પોરીયાઓને તો બીજી વખતની સ્ત્રી પણ પારકી રાંડેલી કે છાડેલી જોઇએજ નહી એનો ગરીબને માટે દયા ખાઇ પોતાની છાંડેલી રાંડેલી આપવાના. પાચ વર્ષની મુદતનાં લગન થવાથી ગરીબનો કુંવારો રહી જાય તો તે બીચારો બીજા લગ્ને બહુતો ૧૦ વર્ષનો થાય, કદાચ બીજા લગ્ને પણ બીજી વખત પટેલનો પોરીયો પરણવા તૈયાર થાય તો ગરીબનો છોકરો ત્રીજે લગ્ને પંદર વર્ષનો થાય અને ચોથે લગ્ને વીશ વર્ષનો થાય. આટલી ઉમરે પણ ગરીબનો છોકરો પરણે તો તે વખતે ૧૦ થી ૧૫ વર્ષની ઉમરની કન્યા પણ તેને મળી શકે કારણ કેઃ—

પાંચ વર્ષનાં લગ્ન થવાથી કન્યાનો બાપ પણ ઉતાવળો ન થાય અને કુલનો દડો કે બાંલાવરનો રીવાજ બંધ થઇ જાય તો બીજે લગ્ને કન્યા ૧૦ વર્ષની અને ત્રીજે લગ્ને ૧૫ વર્ષની થાય તે વખતે પેલો ગરીબનો છોકરો ૨૦ વર્ષનો હોવાથી પરણી શકે. કુલના દડા સાથે પરણાવનારની બે વ્યક્તી છે. જેમા એક તો કંકુને કન્યા આપી કુલવાન, ખાનદાન, પટેલીઆ અને પૈસાદારનું ઘર શોધનારો હોય છે પેહેલા લગ્ન વખતે મન ધાર્યું ઘર ન મળે તો તે કુલનો દડો કરી મોટી ઉમરે નાતરે દેય છે.

અને બીજો પૈસાનો લાલચુ કે જંને નાની કન્યાનાં થોડા રૂપીયા ઉપજતા હોવાથી કુલનો દડા કરી મોટી ઉમરે વધારે રૂપીયા લઇ નાતરે દેય છે.

આગેવાનોને તો મફત મળે છે. પૈસા તો ગરીબનેજ આપવા પડે છે. જેથી પૈસા લેનાર કુલનો દડો કરી રાખી મુકે છે ને આખરે તો ગરીબ પાસેથી પૈસા લઇ ગરીબનેજ આપે છે. આથી ગરીબને બેવડું નુકસાન થાય છે, એક તો વધારે પૈસા આપવા પડે અને લગ્ન કર્યા વગર નાતરાની કન્યા લવી પડે છે. જો પાંચ વર્ષની મુદતનાં લગ્ન થાય તો પૈસાનો લાલચુ કન્યાનો બાપ કુંવારી રાખી મોટી ઉમરે ગરીબ પાસેથી પુરા પૈસા લઇ આપશે તો પણ ગરીબનાં છોકરાઓ બીચારા લગ્નનો લહાવો તો લેશે.

છુટા લગ્નથી અથવા પાંચ વર્ષના લગ્નથીજ ગરીબને તો શું પણ આખી ન્યાતને લાભ છે. કજોડા થાય નહી અને છુટા છેડા કરવા પડે નહીં, અને કોઇ જાતનું કલંક લાગે નહી.

પણ વાંધો માત્ર આગેવાનો, કુલવાનો, ખાનદાનો અને પૈસાદારનોજ છે. તેઓનાં છોકરાઓ અને દીકરીઓમાં મોટી ઉંમરે કાંઇ પણ દોષ જણાય તો તેને કોઇ આપે નહીં અને તેની કોઇ લાવે નહીં. તેવે વખતે આગેવાનની આબરૂ જાય, કુલવાનની કુલીનતા ઘટી જાય, ખાનદાનની ખાનદાની ખોવાઇ જાય અને પૈસાદારના પૈસામાં પલીતો લાગે. તેની ગમે તેવી નબળી પાતળી અને લુલી આંધળી કન્યા હોય તોપણ તે નીચા કુળમાં કે ગરીબનાં ઘરમાં અપાયજ નહી આપે તો અભડાઇ જાય. અને જો તેના દીકરાઓ લુલા, આંધળા, ચોર, જુગારી, વ્યભિચારી થાય અને તેને કન્યા કોઇ ન આપે તો તે બીચારાઓને ઢાંકણીમાં પાણી ભરી ડુબી મરવું પડે

પોતાના લાભ માટેજ આ અધમ આગેવાનો પ્રપંચની જાળ પાથરી વીશ કે ત્રીશ દિવસની કન્યાના વેવીશાળ કરાવવા, ફુલનાં દડા સાથે અને બાંધવર સાથે પરણાવવા અને એક તિથીના ૧૦ વર્ષની મુદતનાં લગ્નને નીભાવવા પ્રયત્ન કરી રહ્યા છે.

મારા ભોળા બધુંઓ યાદ રાખજો, બ્રીટીશ ગવર્નમેન્ટના ન્યાયી રાજ્યમાં અને શ્રીમંત ગાયકવાડ સરકારનીન્યાયી કાર્કીર્દીમાં આગેવાનોની અધમતા, કુલવાનોની કુટીલતા, પટેલોની પ્રપંચી જાળ અને પૈસાદારોની પાપ કર્મની કાહાણીઓ નભી શકે તેમ નથી. તમને જ્યાં જાઓ ત્યાં ન્યાય મળશે તમારે તેની સેહમાં દબાવાનું નથી. તેનાં કરતાં તમે વધારે છો. માટે તમે તમારા લાભને સાચવવા તૈયાર થાઓ. મહાદેવી ઉમીયાજીએ છુટા લગ્ન અને પાંચ વર્ષની મુદતનાં લગ્નની આજ્ઞા આપી છે. દશ વર્ષની મુદતનાં

લગ્ન ચલાવનારાઓની પ્રપંચી જાળ ફાટી ચુરેચુરા થઇ ગઇ છે. મહાદેવી ઉમીયાજી તમારી માતા છે તમારા બાળકોનું રક્ષણ કરે છે અને કહે છે કે તમારા બાળકોને મોટા ઉમરે પરણાવી સુખી કરો. પાપીઓની પ્રપંચ જાળમાંથી છુટા થાઓ. હું ડાકણ નથી, હું રાક્ષસણી નથી, હુ દૈત્ય નથી પણ હું તો દેવી છઉં. હું મારા બાળકને ખાતી નથી પણ રક્ષણ કરૂં છું.

તમે પાપીઓની જાળમાં ફસાયેલા હોવાથીજ ગરીબ બન્યા છો, અભણ રહ્યા છો, અને તમારી દીકરીઓ તે મારી દીકરીઓ છે. હું સતી કહેવાઉં છું છતાં મારી દીકરીઓ એકજ ભવમાં અનેક પતી કરી પાપીણી થાય છે અને સતીત્વથી નષ્ટ ભ્રષ્ટ થઇ તમને શ્રાપ આપે છે. તમે તમારી દીકરીઓના શ્રાપથી પાયમાલ થયા છો. દુષ્કાળ ઉપરા ઉપર પડે છે તેનું કારણ પણ તમારી દીકરીઓના શ્રાપનુજ છે.

તમે તમારી દીકરીઓના આશીર્વાદ લો તેને મોટી ઉમરે લાયક વરને શોધી પરણાવો, અને આગેવાનોના વ્યભિચારી પુત્રોથી દુર રાખો. એજ ચાંડાલોએ તમારી પુત્રીઓને એકજ જન્મમાં અનેક પતિવાળી બનાવી તમારા કપાળમાં કાજળ લગાડેલું છે.

જો તમે છુટા લગ્ન કરી અથવા પાંચ વર્ષની મુદતનાં લગ્ન કરી સારા સજોડા જોડશો તો સુખી થશો, દુષ્કાળ દુર થશે, વિદ્યાની વૃદ્ધિ થશે, ધનધાન્ય, પુત્ર પરિવાર વધશે અને તમારી પુત્રીઓ સાચી ગૃહીણી બની કુલદેવી તરીકે પુજાશે ને તમને આશીરવાદ આપશે.

ભાઇઓ જો આગેવાનો સાચા દીલથી ગરીબની દાઝ જાણના હોય, અને ગરીબનાં છોકરાઓને પરણાવવા ઇચ્છતા હોય તથા ગરીબને પણ પૈસાદાર અને સુખી કરવા માંગત હોય તો નીચેનાં ઠરાવો શા માટે નથી કરતા ?

૧. જ્ઞાતિવરા બંધ કરાવવા. કોઇએ પણ જ્ઞાતિવરો કરવો નહી.

૨. ભલે છુટાં લગ્ન ન કરતાં પાંચ વર્ષના એક તીથીનાં લગ્ન ચાલુ રાખો પણ લગ્ન વખતે નાની કન્યા કુંવારી રાખવી, ફુલના દડા સાથે કે બઆવર સાથે પરણાવવી નહી.

૩. જે છોકરાના એક વખત લગ્ન થયા હોય તે છોકરો રાંડે તોજ બીજી કન્યા કરે પણ તે કુંવારી કન્યા સાથે ફરી પરણે નહી. ફક્ત રાંડેલી હોય તો નાતરૂ કરી લાવે.

૪. છુટા છેડા આપવા નહી અને એક સ્ત્રી હયાત હોય ત્યાં સુધી બીજી કરવી નહીં.

આ ચાર ઠરાવ કરી એકતીથોના પાંચ વર્ષની મુદતના લગ્ન ચાલુ રાખે તો કોઇ પણ ગરીબનો છોકરો કુંવારો રહી જવાનો ભયજ નથી. અને મરનારની પાછળ મીષ્ટાન ખાવાનું બંધ કરે તો ગમે તેવા ગરીબ પણ પૈસાદાર થઇ પોતાના છોકરાને ભણાવી શકે અને પરણાવી શકે.

લગ્ન વખતે ફુલનો દડો ને બાઆવર ન કરતાં તમામ કન્યાઓ પરણાવી દેવાનો ઠરાવ થાય તો ગમે તેવા ગરીબને પણ કન્યા મળી શકે અને કન્યાવિક્રય તદન બંધ થઇ જાય કારણ કે કન્યાને ફુલના દડા સાથે પરણાવવાનો રીવાજ હોવાથીજ કન્યાવિક્રય થાય છે.

એક ઉપર બીજી સ્ત્રી નહી કરવાનો રિવાજ થાય તોજ ગરીબને પણ મળી શકે. આગેવાનોના છોકરાઓને બેચાર બૈરી જોઇયે તેથીજ કન્યાની અછત થાય છે.

છુટા છેડાનો દુષ્ટ રીવાજ આગેવાનોનાંજ ઘરમાં હોય છે. આગેવાનોજ એક ઉપર બીજી કરી જુનીને છુટા છેડા આપે છે અને કન્યાના બાપના કપાળમાં અને મોઢા ઉપર કાજલ ચોપડે છે. સ્ત્રીઓને વઠાડે છે અને વ્યભિચાર ફેલાવે છે પરણતી વખતે ગમે તેવી કન્યા હેય તો પણ સ્વીકારે છે અને પછી દોષ બતાવી છોડે છે.

ગરીબને મળવીજ મુસ્કેલ છે જેથી તે તો બીચરો ગમે તેવી સ્ત્રી મળે તો પણ નીભાવે છે પણ જો કદાચ ગરીબના ઘરમાં સારી અને રૂપાળી સ્ત્રી હોય તો તેને અને તેના માબાપને આડે માર્ગે દોરવી ગરીબનાં હાથમાથી છંડાવી આગેવાનનાજ છોકરાઓના ઘર મંડાવે છે.

છુટા છેડાના અને એક ઉપર બીજી કરવાના દુષ્ટ રીવાજને ચલાવનારા તો આગેવાનોજ છે

કુળવાન તો લગ્ને લગ્ને કુંવારો તે કહેવત મુજબ કુલવાન, આગેવાન, પૈસાદાર અને પટેલીઆના છોકરાઓ બીજા લગન વખતે બીજી કુંવારી કન્યાને પરણાવવા તૈયાર થાય છે તેથી પણ કન્યાની અછત થાય છે, ગરીબના કુંવારા રહી જાય છે અને આગેવાનો બે ચાર સ્ત્રીના ધણી થાય છે.

જો આ ઉપર જણાવેલા ચાર ઠરાવ થાય અને પાંચ પાંચ વર્ષે એકતીચીના લગ્ન ચાલુ રહે તો આખો ન્યાત સુખી થાય અને કોઇના છોકરાં કુંવારા રહેજ નહી

પણ લાચાર ! પટેલના પોરીયાઓને પારકી કપાંતી મેળવવાનો અને ઘણી સ્ત્રીઓ ભોગવવાનો હક જતો રહે ? તેમજ અમે તેવો લુલી પાગળી અને કદરૂપી કાણી પોતાની સ્ત્રી હોય તેની સાથે પોતાનો ભવ ગાળવો પડે તે અગેવાનો,* કુળવાનો, પૈસાદારો અને પટેલીઆઓના છોકરાઓને પરવડે ખરૂ કે ? નજ પરવડે !

ભાઇયો આ બધા પ્રપચ માતાજીની આજ્ઞાથી માતાજીએ સ્વપ્નાદ્વારા આગ્ના આપેલી હોવાથીજ ખુલ્લાં થયા છે ચેતજો !

ચેતજો ! ! ચેતજો ! ! ! ચેતસો તો સુખી થશો અને આગેવાનોની માછલા પકડવાની જાળમાંથી બચી જશો.

તા. ૧૭ ૯-૧૯૧૫.